

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*રિબાવ તમારા જ ઘરમાં જાતે, મર્યા વિના !*
*કરો સામનો, યમરાજનો જાતે, ડર્યા વિના -*
*હાર્યા વિના લડ્યા કરો લડાઈ અંતવિહીન -*
*લીધા કરો યશ વિશ્વમાં જાતે કૈં કર્યા વિના...*

**હાઈકુ**

*સમજાય છે -*
*હવે મનની વાત !*
*બોલ્યા વિના જ...*

*મેળવો શક્તિ*
*પીંને કડવી દવા -*
*કરો સામનો....*

### ચિંતન

*અસ્થિરં જીવિતં લોકે અસ્થિરે ધનયૌવને ।*
*અસ્થિરાઃ પુત્રદારાશ્ચ ધર્મકીર્તિદ્વયં સ્થિરમ્ ॥*

ઉપરોક્ત શ્લોક 'વૈરાગ્ય શતક'માંથી લેવામાં આવેલ છે.

આ દુનિયામાં જીવન, ધન, યૌવન, સંતતિ અને સ્ત્રી; આ બધું અસ્થિર છે, સ્થિર છે કેવળ ધન અને કીર્તિ.

આ સંસાર, જીવન, વિશ્વમાં બધા જ સંબંધો, ભૌતિક સુખો અને મોહ-માયાથી બંધાયેલા કૌટુંબિક સંબંધો સ્ત્રી-બાળક-પતિ વગેરે બધું જ અસ્થિર છે કાયમી - ભવોભવ માટે બંધાયેલાં નથી અસ્થિર છે.

ધર્મ અને સત્કાર્યો (દાન પુણ્ય) જેના દ્વારા નામના અને કીર્તિ મળે છે એ જ માત્ર સ્થિર છે.

### સુવિચાર

- અટકતાં નથી સંત-સત્સંગ ને સત્યનાં કાર્યો,
  ભલે પછી આડાં આવતાં હોય અસત્યના કાર્યો - **એસ. ભટ્ટાચાર્ય**
- કરુણા કરનાર સાચો કર્મયોગી, કામ ક્રોધ કરનાર જે હોય તે ભોગી - **જીવન પાથેય**
- બુદ્ધિશાળી મનુષ્યે પાંચ વાતો પોતાના મનમાં જ રાખવી જોઈએ. ધનનો નાશ, મનમાં થયેલું દુઃખ, પત્નીની ચાલચલગત, પોતે છેતરાયાની બાબત, અને પોતાનું અપમાન - **ચાણક્ય**
- અન્ય માટે નહીં, પણ તમારા સ્વાસ્થ્ય માટે ક્ષમા આપો - **ટ્રિસ્ટાન લૂ**
- શાશ્વત જ્ઞાન માત્ર સાચા પ્રેમના અમલથી જ થાય છે - **જ્ઞાનસૂત્ર**
- જગતમાં 'માન'ન હોય તો અહીં જ 'મોક્ષ' હોત - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : સુંઠ, મધ, ગોળ ને પાણીમાં ગરમ કરવી નવશેકું પીવાથી ઉલ્ટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શ્રી રામકૃષ્ણ પરમહંસ ભયંકર દર્દ, ગળાના કેન્સરથી ખૂબ પીડાતા હતા. છતાં તેઓ માની ભક્તિમાં તલ્લીન રહેતા. એક ભક્તજનો એમને કહ્યું, 'સ્વામીજી, માતાનું નામ લઈ આપ મનને એકાગ્ર કરી શકો છો, 'હે રોગ, તું ચાલ્યો જા!!!' જો આવું થોડી વાર બોલશો તો રોગ મટી જશે.

ભક્તનો ભાવ સાંભળી શ્રી રામકૃષ્ણે કહ્યું, 'ભાઈ, મને તો માતાના સ્મરણમાં જીવન ગાળવાનું મળ્યું છે, એનો ઉપયોગ ભક્તિભાવ માટે કરું છું. પણ એ ભક્તિનો ઉપયોગ ભૌતિક-સાંસારિક બાબતો માટે શું કામ કરું ?' દેવશક્તિનો ઉપયોગ સ્વકલ્યાણ માટે ન કરાય, લોકકલ્યાણ માટે જ કરાય.'

પેલા ભક્ત મૌન બની રહ્યા.

સાચા સંતો લોકકલ્યાણ માટે જ તપ, સાધના, ભક્તિ,ત્યાગ કરતા હોય છે. સ્વકલ્યાણ કરતાં સર્વ કલ્યાણની ભાવના રાખનાર જ સંતપુરુષ ગણાય.

# કોરોના સામેની નિર્ણાયક લડતનો તબક્કો

**તંત્રીસ્થાનેથી...**

લોકડાઉન-૩ પછી વધુ એક લોકડાઉનનો તબક્કો ન થો પ્રજા ઈચ્છશે કે ન એવો આકરો આદેશ કરવાનું સરકારને ગમશે. હકીકતમાં પ્રજાને ઘરમાં પૂરી રાખવાનું કોઈ પણ લોકપ્રિય સરકારને ન જ ગમે. કોરોનાએ પરિસ્થિતિ એવી વણસાવી દીધી છે કે સરકારને નાછૂટકે આટલા લાંબા સમય સુધી પ્રજાજનોને ઘરમાં પુરાઈ રહેવાનું દબાણ કરવું પડ્યું છે. જો કે જે સમૃદ્ધ રાષ્ટ્રોએ લોકડાઉન કરવામાં ઢીલાશ રાખી એમને આ રાક્ષસી વાયરસે કલ્પના બહારનું નુકશાન પહોંચાડ્યું છે. યુરોપ અને અમેરિકા જેવા દેશોમાં સંક્રમણ અને એથી થનાર મોતના આંકડા જોઈ ભલભલાના હાંજા ગગડી જાય એવો માહોલ સરજાયો છે. કિંકર્તવ્યમૂઢ બની ગયેલા અમેરિકાના રાષ્ટ્રપતિએ કોરોનાથી સરજાયેલી કઠોર સ્થિતિને વિશ્વયુદ્ધ અને નાઈન-ઈલેવન વાળી ટાવર ધ્વંસની ઘટના કરતાં પણ વધુ કારમી ગમાવી છે. વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી માટે એક નાગરિકનું કમોત પણ રાષ્ટ્રીય કલંક સમાન ગણાતું રહ્યું હોય ત્યાં એક સામટા લાખો નાગરિકો કાળનો કોળિયો બની રહ્યા છે તે એની પ્રતિષ્ઠા સામે પ્રશ્નાર્થ જ ઊભો કરે. ભારતમાં પણ લાંબે ગાળે ઈટલી અને અમેરિકા જેવી વિષમ પરિસ્થિતિ સરજાઈ શકે છે એવું તજજ્ઞો અને તબીબો ભારપૂર્વક ઠસાવવા પ્રયાસ કરે છે. અમદાવાદના હમણાં જ સેલ્ફ કવૉરન્ટાઈન થયેલા મ્યુ. કમિશનર વિજય નેહરા પણ અમદાવાદમાં વણસતી જતી સ્થિતિ સામે પ્રજાજનોને ગંભીર ચેતવણી આપતા રહેતા. મેના મધ્ય સુધીમાં કોરોના સંક્રમણ ટોચ પર પહોંચી શકે છે - એવું એ વારંવાર કહ્યા કરતા. અત્યંત ઈમાનદારીપૂર્વક વહીવટ સંભાળનારા આવા અધિકારીની વાત અમદાવાદની પ્રજાએ ગણકારી નહીં અને સુપરસ્પ્રેડર શાકભાજીવાળા, ફળફળાદી કે કરિયાણાવાળાઓને નિયંત્રિત ન કરી શકાયા. પ્રજાએ પણ આ અદૃષ્ટ મોતના સોદાગરને ગંભીરતાપૂર્વક ન લીધો. પરિણામે કૂદકે ને ભૂસકે કોરોનાનો વિજયરથ આગળ વધતો ગયો. હોસ્પિટલો ઊભરાઈ જાય એટલા કેસ આવવા લાગ્યા. દેશના કુલ મરણાંકમાં વીસ ટકાનો ફાળો એકલા ગુજરાતનો છે. એ સંજોગોમાં એકાએક સફાલા જાગી ઊઠેલા કેન્દ્રીય નેતૃત્વને ફરજિયાત હસ્તક્ષેપ કરી ભડકે બળતા ગુજરાત માટે નવી રણનીતિ અપનાવવી પડી છે. નેહરાને વખત પૂરતા હાંસિયે ધકેલી દઈ રાજયના ચુનંદા સિનિયર સનદી અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. અમદાવાદને ૧૫ મે સુધી સંપૂર્ણ તાળાબંધીમાં ધકેલી દેવાયું છે. લોકડાઉન ભંગ નહીં રોકી શકતી પોલીસની મદદમાં સંખ્યાબંધ પૅરામિલિટરી દળો ઉતારી બળજબરીપૂર્વક લોકડાઉનનો અમલ કરાવાઈ રહ્યો છે. સુપરસ્પ્રેડરની બલા ટાળવા શાકભાજી, ફળફળાદી અને કરિયાણાની દુકાનો પણ બંધ રાખવાનો આદેશ થયો છે. માત્ર દૂધ અને દવાની દુકાનો ખુલ્લી રહેશે અને પેટ્રોલપંપો ચાલુ રહેશે. એથી આગળ વધી આ રણનીતિના સંકલનની જવાબદારી સંભાળતા અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવ ગુપ્તાએ ખાનગી ક્લિનિકો તાબડતોબ ખોલવાનો આદેશો પણ કર્યા છે. ખાનગી હોસ્પિટલો અને પ્રાઈવેટ પ્રેક્ટિસ કરતા ડૉક્ટરોએ પણ સંક્રમણગ્રસ્ત દરદીઓની સારવાર કરવી પડશે નહીંતર એમનાં લાયસન્સ રદ કરાશે. અમદાવાદ જેવા મહાનગરના આમ આદમીથી લઈ તજજ્ઞ તબીબો પણ સરકારી કોરડો વીંઝીને પણ જો કોરોના સંક્રમણને અટકાવી શકાતું હોય તો આવું કઠોર પગલું આવકાર્ય જ ગણાશે. ગુજરાત સરકાર અને વહીવટીતંત્ર સામે આ મસમોટો પડકાર છે. અમદાવાદની જેમ સુરત અને વડોદરામાં પણ અર્ધલશ્કરી દળો ખડકાયાં છે. ત્યારે સરકારે નાછૂટકે આવી કડકાઈ વાપરવી પડે. સુન્દરમ્‌ની કવિતા ટાંકીને વાત પૂરી કરીએ : કડવાં કારેલાંના ગુણ ન હોય કડવા, કડવાં વચન ન હોય કડવાં જી રે !

# મારગકાંઠે હસતાં ફૂલ !




**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

૮મી મે રવીન્દ્રનાથ ટાગોર જયંતી છે.

પૂર્વ બંગાળમાં પદ્મા નદી સમથળ વહે. એમાં ફરતી ઘરનૌકાનું નામ પણ પદ્મા. કવિવર એમાં બેઠા હોય. એ નાની નાની કવિતા રચે. એમાં વધુમાં વધુ આઠ પંક્તિ હોય. કવિએ એને નામ આપ્યું. 'કબિતિકા' (= કવિતિકા)- ૧૯ નવેમ્બર ૧૮૯૯ના રોજ એમનો પ્રથમ સંગ્રહ પ્રકાશિત થયો. ઈ.સ. ૧૯૪૫માં એમનો છેલ્લો સંગ્રહ પ્રકાશિત થયો. કુલ પાંચ થયા. કનિકા, સ્ટ્રે બર્ડ્ઝ, લેખન, ફાયર ફલાઈઝ, સ્ફુલ્બિંગ. આમાં કુલ ૧૧૬૭ મુક્તકો હતા.

શ્રી જયંતભાઈ મેઘાણીએ આમાંથી ત્રણસો પસંદ કર્યા.

એનાં અંગ્રજી પરથી ગુજરાતી અનુવાદ કર્યા. સાથે મુક્તકને અનુરુપ ચિત્રાંકનો આપ્યાં. એ રવીન્દ્રનાથ, નંદલાલ બસુ, યામિની રાય, નારાયણ બેન્દ્રે પ્રદ્યુમન તન્ના, જગદીશ સ્માર્ત અને ભરત માલીનાં છે. સંગ્રહને નામ આપ્યું 'તણખલાં.'



પ્રસાર. ભાવનાગરથી ઈ.સ. ૨૦૦૭માં પ્રકાશિત થયો આ સંગ્રહ. પછીના જ વરસે એનું પુનઃમુદ્રણ થયું. આમાંથી કેટલાંક ઉદાહરણ અહીં આપ્યાં છે :

(૧) આ મારા નાજુક નમણાં ટાંચણ -
મારગકાંઠે હસતાં ફૂલ સરીખાં :
વાટમારગુ નીરખે, પછી વીસરી જાય.

(૨) ચન્દ્ર નભ - આંગણે અજવાળાં રેલાવે છે,
પણ પોતાનાં શ્યામ કલંક તો
ખુદ - ભીતરમાં જ સમાવેલા રાખે છે.

(૩) પ્રભુ સ્વર્ગના સુખથી કંટાળે છે
ત્યારે માનવીની ઈર્ષ્યા કરે છે.

(૪) હું મારા ભગવાનને ચાહી શકું છું,
કારણ કે તેમાં અસ્વીકારનું તેણે મને સ્વાતંત્ર્ય આપ્યું છીએ,
કારણ કે તેના અસ્વીકારનું તેણે મને સ્વાતંત્ર્ય આપ્યું છે.

(૫) વાદળાંને શરગારતું મેઘધનુષ મહાન હશે,
પણ ઉપવનમાં ઊડાઊડ કરતુ પતંગિયું એથીય ગરવું છે.

(૬) પર્ણો મૌન-પુંજ છે,
પુષ્પો તેની વાણી છે.

(૭) વસંત જે શબ્દો વનમાં વેરે છે,
તે સર્વ મારી કલમમાં ઉતરો.

(૮) પ્રભુ મનુષ્યને કહે છે :
'હું તારા જખમ રૂઝાવું છું
તેથી તને જખમી પણ કરું છું ;
તને ચાહું છું તેથી દંડુ પણ છું.'

(૯) હે નારી, તું ઘરનાં કામકાજ આટોપતી હોય છે;
ત્યારે કોઈ ડુંગર પરથી
ખળખળ વહેતા ઝરણાંનું
તારા દેહ પર જાણે નૃત્યુ રમે છે.

(૧૦) પાંખડી ખર્યા પછી ફૂલોનાં સૌંદર્ય
ફળનાં હૈયે મધુ બનીને વસે છે.

(૧૧) માર હળવાફુલ શબ્દો કાળનાં પ્રવાહમાં
ગાતા - નાચતા - વિહરતા રહેશે,
અને મારાં ભારેખમ સર્જનો લુપ્ત થશે.

# મકરંદ દવેનો આશ્રમ (નંદીગ્રામ) કયા જિલ્લામાં આવેલો છે ?



**ખજાનો**
**અનિલ પટેલ**

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૧ મુઘલ સરાઈ કયાં આવેલી છે ?
(અ) જૂનાગઢ (બ) રાજકોટ
(ક) વડોદરા (ડ) સુરત

૨ ખેડા જિલ્લાના કયા ગામે ભમ્મરીયો કૂવો આવેલો છે?
(અ) નડિયાદ (બ) મહેમદાબાદ
(ક) રાસ્કા (ડ) વસો

૩ દૂધરેજનું વળવાળા મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) ભાવનગર (બ) મોરબી
(ક) સુરેન્દ્રનગર (ડ) અમદાવાદ

૪ મકરંદ દવેનો આશ્રમ (નંદીગ્રામ) કયા જિલ્લામાં આવેલો છે ?
(અ) સુરત (બ) વલસાડ
(ક) નવસારી (ડ) ભરુચ

૫ જાણીતા સમાજ સેવિકા 'ઈલાબેન ભટ્ટ'એ કઈ સંસ્થાની શરુઆત કરી ?
(અ) સેવા (બ) જયોતિસંઘ
(ક) દર્પણ (ડ) ધરતી

૬ બજરંગદાસ બાપુનો આશ્રમ કયાં આવેલો છે?
(અ) વીરપુર (બ) બગદાણા
(ક) શિહોર (ડ) વલભીપુર

૭ કઈ જાતિના લોકોની ઘોડાદોડ જોવા લાયક હોય છે ?
(અ) ગુર્જર (બ) ચારણ
(ક) મેર (ડ) આહીર

૮ હાજી મહમદ અલારખિયા શિવજીએ કયું માસિક શરુ કર્યું હતું ?
(અ) રખેવાળ (બ) પરબ
(ક) આંગન (ડ) વીસમી સદી

૯ દમયંતિ બરડાઈનું નામ કયાં કલાક્ષેત્ર સાથે જોડાયેલ છે ?
(અ) લોકસંગીત (બ) સુગમ સંગીત
(ક) નાટ્યક્ષેત્ર (ડ) નૃત્યકલા

૧૦ ઈ.સ. ૧૯૨૭માં ગુજરાત પ્રથમ રેડિયો કેન્દ્ર કયા શરુ કર્યું હતું ?
(અ) અમદાવાદ (બ) ખેડા
(ક) રાજકોટ (ડ) વડોદરા

૧૧ માણેકઠારી પૂનમનો મેળો કયા ધાર્મિક સ્થળે ભરાય છે ?
(અ) બેચરાજી (બ) સિદ્ધપુર
(ક) ડાકોર (ડ) અંબાજી

૧૨ ગોવિંદભાઈ પટેલનું નામ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
(અ) ફિલ્મ નિર્માણ (બ) કૃષિ ઉદ્યોગ
(ક) સાહિત્યક્ષેત્ર (ડ) રાજકીય

૧૩ સુંદર ભરત ભરેલી છત્રીઓ કયા મેળાની વિશેષતા છે ?
(અ) શામળાજીઓનો મેળો (બ) બેચરાજીનો મેળો
(ક) ભવનાથનો મેળો (ડ) તરણેતરનો મેળો

૧૪ હળપતિ લોકોની વસતિ કયા જિલ્લામાં સવિશેષ હોય છે ?
(અ) ડાંગ (બ) સુરત
(ક) વલસાડ (ડ) નવસારી

૧૫ પાટણનું શું વખણાય છે ?
(અ) પટોળાં (બ) જરીકામ
(ક) કાષ્ટકલા (ડ) બાંધણી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૮ મે : આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસ/ વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ**
  - સાહિત્યકાર ધ્રુવ ભટ્ટનો જનમદિવસ (૧૯૪૭)
  - અમેરિકામાં પોસ્ટ ઓફિસની સ્થાપના થઈ (૧૭૯૪)
  - વિશ્વ આરોગ્ય સંસ્થાએ બળીયાનો રોગ નાબૂદ થયાની જાહેરાત કરી (૧૯૮૦)
  - સ્વીડનમાં મૃત્યુદંડ પર પ્રતિબંધ લાદવમાં આવ્યો (૧૯૨૧)
- **૯ મે : માતૃદિવસ / ઈતિહાસ દિવસ**
  - સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ (૧૯૧૬)
  - યુરોપ યુનિયનની સ્થાપના દિવસ (યુરોપ દિવસ) (૧૯૪૯)
  - ફિલ્મોમાં ગઝલ ગાયકીને નવો અંદાજ આપનાર તલત મહેમુદનું અવસાન (૧૯૯૮)
  - રાષ્ટ્રીય જાગૃતિ અને કોમી એકતાના પુરસ્કર્તા પંડિત સુંદરલાલનું નિધન (૧૯૮૧)
- **૧૦ મે :**
  - મધ્ય આફ્રિકાના અંધારા ઉલેચનાર છેલ્લા મહાન શોધ સફરી હેન્રી મોર્ટન સ્ટેન્લીનું નિધન (૧૯૦૪)
  - ઝંડુ - આયુર્વેદના નામ સાથે જોડાયેલું ઝંડુ ભટ્ટજીનું નિધન (૧૮૯૮)
  - સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન મેરઠમાં સૈનિકોએ બળવો કર્યો (૧૮૫૭)
  - હરિલાલ હ ધ્રુવની જનમજયંતિ (૧૮૫૬)
- **૧૧ મે : ટેક્નોલોજી દિવસ**
  - આઝાદીના જંગનો સમગ્ર ઈતિહાસ કેમેરામાં કંડારનાર મહાન તસ્વીરકાર જગત મહેતાનો જન્મદિવસ (૧૯૦૯)
  - જે કૃષ્ણમૂર્તિની જનમજયંતિ (૧૮૯૫)
  - ગુજરાતના યશસ્વી કલાકાર પ્રાણલાલ દેસાઈનો જન્મદિવસ (૧૮૮૨)
  - માઉન્ટ એવરેસ્ટ પર બરફના તોફાનમાં ૮ પર્વતારોહક માર્યા ગયા (૧૯૯૬)
- **૧૨ મે : આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ**
  - વિશ્વ સેવિકા સન્નારી ફ્લોરેન્સ નાઈટેગલનો જન્મદિવસ (૧૮૨૦)
  - રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા રમણભાઈ વ. દેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
  - રશિયાનું અંતરિક્ષ યાન લૂના-૫ ચંદ્રની ધરતી પર દુર્ઘટના ગ્રસ્ત થયું (૧૯૬૫)
  - વિશ્વમાં સૌથી વિનાશક ભૂકંપ ચીનમાં આવ્યો (૨૦૦૮)
- **૧૩ મે :**
  - મેલેરીયા તાવના મચ્છરોના શોધક રોનાલ્ડ રોસનો જન્મદિવસ (૧૮૫૭)
  - પ્રથમ વખત ત્રણ અંતરિક્ષયાત્રીઓ એક સાથે અંતરિક્ષમાં સફળ ભ્રમણ કર્યું (૧૯૯૨)
  - ભારતીય સુંદરી લારા દત્તાએ મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો (૨૦૦૦)
  - ભારતના પાંચમા રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદની જન્મજયંતિ (૧૯૦૫)
- **૧૪ મે :**
  - ગુજરાત રાજયના પ્રથમ રાજયપાલ મહેદી નવાઝ જંગનો જન્મદિવસ (૧૮૯૪)
  - ટેકનોક્રેટ પ્રણવ મિસ્ત્રીનો જન્મદિવસ (૧૯૮૧)
  - અમેરિકામાં ફલોરેન્સ એલન કોઈ પુરુષને ફાંસીની સજા આપનાર પ્રતમ મહિલા જજ બની (૧૯૨૧)
  - સાહિત્યકાર હસિત બૂચની પુણ્યતિથિ (૧૯૮૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા ફિલ્મ કલાકારનું દુઃખદ નિધન થયું ? જવાબ : ઋષિકપૂર અને ઈરફાન ખાન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ જાદવ : રાયસણ (૨) હાર્દિક મકવાણા : સે-૨૪ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) મીત પટેલ : સે-૨૩ (૫) કે. કે પટેલ : સરગાસણ (૬) રુચિત પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કઈ ગુજરાતી લેખિકાનું નિધન થયું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શું તમારા બાળકને મોબાઈલ ફોનની લત પડી છે ?



**રંગ-ઉમંગ**
**કાનન ઓઝા**

આજે મોટાભાગના ઘરમાં જોઈશું તો એક વર્ષની ઉંમરના બાળકથી માંડીને ૬૦ વર્ષના વૃદ્ધને પણ મોબાઈલ ફોનની લત લાગેલી જોવા મળે છે. એક યા ચાર વર્ષના બાળકને હાથમાં મોબાઈલ ફન આપો તો જ ખાવા બેસે. હાથમાં મોબાઈલ હોયતો જ તમારું કહેવું કેટલાક અંશે કરશે. જો તેને મોબાઈલ નહિ આપો તો તે ખાશે નહિં કે ઊંઘશએ નહીં. કોઈ મહેમાન આવ્યા હોય કે કોઈના ત્યાં મહેમાન બનીને ગયા હોય ત્યારે બાળકને શાંત રાખવા માટે મોટાભાગના વાલીઓ પોતાના બાળખના હાથમાં મોબાઈલ ફોન પકડાવી દેશે. વળી, ગૌરવ પણ લેશે કે, અમારે તો તેને યુટ્યુભ ખોલતા આવડે છે. ફોટા ખોલીને જોતા આવડે છે. વીડિયો ખોલીને જોતા આવડે છે. વગેરે વગેરે... આ બાળક જયારે મોટું થાય પછી તે વીડીયો ગેમ્સ રમશે. ઈન્ટરનેટ પર પોતાની પસંદગીની બાબત સર્ચ કરીને સમય પસાર કરશે.

ટૂંકમાં, દિવસેને દિવસે મોબાઈલ ફોન સાથેની લડત પડતી જશે. આજના નાના બાળકોને રમકડાં રમવાં કરતાં મોબાઈલ ફોન રમવો વધુ પસંદ છે. શા માટે ? એવો વિચાર કરશો તો જવાબ અવશ્ય મળશે ? પણ પોતાની માન્યતા, પોતાની બુદ્ધિ અને પોતાની આવડત કે હોંશિયારીમાંથી બહાર નહિ આવવા માંગતા વાલીને વિચાર કરવાનો વિચાર જ આવતો નથી. અને પછી ફરિયાદ કરશે બાળકના વર્તન વ્યવહારની કે બાળકના સ્વભાવની. કે અમારું સાંભળતા જ નથી.

અન્ય રીતે જોવા જઈએ તો મોબાઈલની લતકે કુટેવ માત્ર બાળકોને છે એવું નથી. આજના યુવાનો કે વડિલો સૌને છે. તમારા જ ઘરમાં દૃશ્યને યાદ કરો. આપણા ઘરે મહેમાન બનીને આવતા લોકોમાંથી કેટલા લોકો આપણી સાથે વાત કરવામાં જેટલો સમય આપે છે, તેનાથી વધુ સમય મોબાઈલ જોવામાં કે મોબાઈલ સામે હરકત કરવામાં આપે છે? આજની વાસ્તવિકતા એ છે કે, મહેમાન બનીને આવનારને કે યજમાનને મહેમાન કરતાં મોબાઈલ કે ટીવીમાં વધુ રસ હોય છે. માટે તો વાતોની વચ્ચે પણ ટીવી તો ચાલુ જ હોય. તેમાં પણ સામાજિક વાતોને બદલે કોઈ સિરિયલ કે ટીવીના કોઈ પ્રોગ્રામની વાતો વધુ હોય છે. આવા સમયે પેલું બાળક એકલું શું કરે ? વાલીઓ પોતાના રસ મુજબની ચર્ચા કરે કે પ્રવૃત્તિ કરે, ત્યારે બાળકના રસ મુજબની મોબાઈલ સિવાયની કોઈ પ્રવૃત્તિ આજના વાલી પાસે છે ? એ નથી, એટલે બાળકના હાથમાં મોબાઈલ ફોન ધરી દેવાનો. પછી બાળકને ટેવ પડે પછી તેને છોડાવવાનો પ્રયત્ન કરવાનો. વાહ, વાલી વાલીઓ વાહ.... પહેલા ઉપયોગ કરતા શીખવવાનું પછી રોકવાનું. તમે જ તમારા બાળકનો ઉપયોગ એક રમકડાં તરીકે જ કરો છો. પછી મોટાભાગના વાલી ફરિયાદ કરે છે, કે અમારું બાળક સાંભળતું નથી, કે અમારું કહેવું કરતું નથી. આવા વાલીઓએ આ લેખમાં શરુઆતમાં આપેલ ઉદાહરણ પાંચ વાર વાંચવુ જોઈએ.

બાળકોની પરીક્ષા નજીક આવે ત્યારે મોટાભાગના વાલીઓ બાળકને ટીવી જોવાની ના પાડે છે. બાળક કદાચ ભય કે ડરને કારણે ટીવી જોવાનું ઓછું કરશે. પણ સાથે વાલી પોતે ટીવી જોવાના પોતાના સમયમાં કે રસમાં સહેજે ફેરફાર નહિ કરે. ત્યારે બાળકના મન પર કેવી અસર થાય છે એ પેલા વાલી વિચારતા નથી. અને એમનો જવાબ હોય છે કે, ભાઈ પરીક્ષા તો બાળકનીછે, એને ટીવી નહિ જોવાનું. પરીક્ષા અમારી કયા છે તો અમે ટીવી ના જોઈએ. હકીકતમાં આવી પરિસ્થિતિમાં જ વાલીની ખરી પરીક્ષા હોય છે. પોતે બાળક પાસે જે અપેક્ષા રાખે છે. તે બાબત પોતે જ છોડતા નથી. પોતે પરીક્ષા આપવા તૈયાર નથી અને બાળકોને પરીક્ષાનું મહત્ત્વ સમજાવ છે.

ઉપર જણાવેલ જેવા અનેક વર્તનો દરેક ઘરમાં વાલી તરફથી થતા હોય છે. પછી તે ઘર-કુટુંબ સામાન્ય હોય કે વિશિષ્ટ હોય. અંતે દરેક વાલી વાંક બાળકનો જ કાઢે છે, પણ પોતે પીરસેલો સંસ્કાર કોઈ વાલીને દેખાતા નથી. માટે જ દરેક વાલી પોતાના બાળક પાસે જે અપેક્ષા રાખે છે, તે પ્રમાણેનું કહેવા કરતાં કરી બતાવશે તો પરિણામ ઝડપી અને સારું મળશે.

બાળક સામે કે સાથે જયારે પણ કોઈ વર્તન કરો ત્યારે બાળ મનોવિજ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે બાળકનું સાંભળશો તો બાળક તમારું સાંભળશે. બાળક સામે તમે જે વર્તન કરશો તે વર્તન જોઈને બાળક કરશે.નક્કી હવે વાલીઓ કરવાનું છે, તે બાળક પાસે શું ઈચ્છે અને તે માટે તેણે શું કરવું જોઈએ કે ના કરવું જોઈએ. માટે જ બાળકમાં બદલાવ લાવવો હોય તો વાલીએ પોતાનામાં બદલાવ પહેલા લાવવો પડે.